# વહેલી પરોઢે ઠાર અને ધુમ્મસથી હીલસ્ટેશન જેવો માહોલ

## સાબરકાંઠા-અરવલ્લીમાં બરફીલા પવનથી જનજીવન ધ્રુજ્યું : માવઠા બાદ કોલ્ડવેવની સ્થિતિ : દિવસે પણ તાપણાં સળગતાં રહ્યાં





બાયડ તા.૦૯

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં ભરશિયાળે કેટલાક વિસ્તારોમાં કમોસમી માવઠું વરસ્યા ત્યારબાદ ઠંડીનું જોર વધી ગયા પછી હવે બરફીલા પવનો ફૂંકાતાં જનજીવન ધ્રુજી ઉઠ્યું છે. કડકડતી ઠંડી પછી છેલ્લા બે દિવસથી ઠંડા પવનોથી પ્રજાજનોની હાલત વધારે કફોડી બની ગઈ છે. જિલ્લામાં વરસાદ પછી ઠંડી વધવાના એંધાણ દેખાઈ રહ્યા છે તો બીજી તરફ વાતાવરણમાં પલ્ટો આવતાં માવઠાની દહેશત ફરી વ્યક્ત થઈ રહી છે. જિલ્લામાં વહેલી પરોઢે ઠાર અને ધુમ્મસના કારણે હીલ સ્ટેશન જેવો માહોલ ઉભો થયો છે.

અખાતના પશ્ચિમ મધ્યમાં હવાના ઓછા દબાણના કારણે વાતાવરણમાં નાટ્યાત્મક બદલાવ આવ્યો છે. ઉત્તર ભારતમાં કાતિલ ઠંડીના આવરણની અસર જિલ્લામાં સ્પષ્ટ રીતે જોવા મળી રહી છે. જ્યારે વાતાવરણમાં ફેરફાર નોંધાયા પછી જિલ્લાના કેટલાક વિસ્તારોમાં કમોસમી માવઠું વરસતાં ઠંડીની તિવ્રતામાં વધારો જોવા મળ્યા પછી છેલ્લા બે દિવસથી બરફીલા પવનો ફુંકાવાની શરૂઆત થતાં ઠંડા પવનો શરીર ચીરી નાખે તેવી અસર અનુભવાઈ રહી છે. છેલ્લા બે દિવસથી પવનની ગતિ વધી જતાં કોલ્ડવેવની સ્થિતિ ઉભી થવા પામી છે.

જ્યારે ઠંડીની તિવ્રતા વચ્ચે વાતાવરણમાં પલ્ટાવ આવતાં ફરીથી કમોસમી માવઠાની દહેશત વ્યક્ત થઈ રહી છે. જિલ્લામાં કડકડતી ઠંડી પછી હવે સૂસવાટા મારતા ઠંડા પવનોની થપાટથી પ્રજાજનોની હાલત વધુ કફોડી બની છે. જિલ્લામાં ઠંડીએ જનજીવનને ધ્રુજાવી દેતાં ખાસ કરીને ખુલ્લામાં આશરો લેતા ભીક્ષુકોની હાલત દયનીય બની છે. જિલ્લામાં વાતાવરણ માવઠા પછી વધુ ઠંડુગાર થવાની સાથે બરફીલા પવનોએ બંન્ને જિલ્લાઓને બાનમાં લઈ લીધા છે.

---

### જાન્યુઆરીના અંતમાં પાણીની તંગીની આશંકા

# જિલ્લાના તળાવોમાંથી પાણી ગાયબ થતાં વહીવટી તંત્ર ચોંક્યું

### મૂંગા પશુઓ માટે પણ તળાવો ભરવા માંગ

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૦૯

જિલ્લામાં ભરશિયાળે તળાવોમાંથી પાણી ગાયબ થઈ જતાં વહીવટી તંત્ર ગોથે ચડ્યું છે. જાન્યુઆરીના અંતમાં અધિકાંશ તળાવો ખાલીખમ થઈ જવાની આશંકા વધી ગઈ છે જેના કારણે મૂંગા પશુઓ માટે પીવાના પાણીની વિકરાળ સમસ્યા તંત્ર સામે જડબુ ખોલીને બેઠી છે. જેથી સુજલામ તેમજ નર્મદાના નીરથી ખાલી તળાવો તાત્કાલિક ભરવાનું આયોજન સરકારે કરવું જોઈએ તેવી બુલંદ માંગ પશુપાલકોએ શરૂ કરી દીધી છે.



ચોમાસા દરમ્યાન સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં સરેરાશ ૬૫ ટકાથી ઓછો વરસાદ વરસ્યો જેથી પાણીની સીમીત આવક નોંધાઈ. સુજલામ કેનાલના કારણે સીમાડાઓનાં પાણી ગામના તળાવો સુધી પહોંચી શકતા નથી જેના કારણે સુજલામ યોજના ખેડૂતો માટે ભલે લાભદાયી હોય પરંતુ મૂંગા પશુઓ માટે છેલ્લા કેટલાક વર્ષોથી મોટી મુશ્કેલી ઉભી કરી છે. સુજલામ કેનાલના કારણે અનેક ગામડાઓના વિશાળ તળાવો ધોધમાર વરસાદ છતાં ભરાતા નથી. વર્ષોથી પશુપાલકો અને ગ્રામ પંચાયત દ્વારા સુજલામ કેનાલ નજીકમાં આવતાં ખાલીખમ તળાવો ભરવામાં આવે તો ખેતી અને મૂંગા પશુઓને ફાયદો થવાની વાત સરકાર સમક્ષ રજૂ કરવામાં આવે છે છતાં જાણે કે તેના ઉપર કોઈ લક્ષ અપાતું ન હોય તે રીતે કોઈ હકારાત્મક પ્રતિસાદ મળતો નથી. સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાના ૫૦૦ થી વધુ તળાવોમાંથી પાણી ભરચોમાસે ગાયબ થઈ ગયું છે. જ્યારે અન્ય તળાવોમાં માંડ પાર્ટલી પાણીનો જથ્થો સંગ્રહીત છે જે સંજોગોમાં શિયાળાના અંત સુધીમાં મોટા ભાગના તળાવો ખાલી થઈ જશે જેના કારણે મૂંગા પશુઓ માટે પીવાના પાણીની વિકટ સમસ્યા તંત્ર અને સ્થાનિક પંચાયત માટે મુશ્કેલી પેદા કરે તેવી સ્થિતિમાં છે. જેથી બંન્ને જિલ્લાનું વહીવટી તંત્ર જિલ્લા વિભાજનમાં જે રીતે તમામ તાકાત કામે લગાડી કામગીરી કરી હતી તે રીતે ખાલીખમ તળાવો સુજલામ અને નર્મદાના પાણીથી ભરવા માટે અત્યારથી જ પ્લાન બનાવે તેવી માંગ થઈ રહી છે.



---

# જિલ્લામાં મરચા-ટામેટાના પાકમાં રોગચાળાથી ખેડૂતોની હાલત કફોડી

## ધુમ્મસ અને ઝાકળ વર્ષાના કારણે રોગચાળો વકર્યો

બાયડ, તા.૦૯

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં શિયાળાની સીઝનમાં મોંડે મોંડે ઠંડીનો તિવ્ર ચમકારો શરૂ થયો છે પરંતુ હમણાંથી વહેલી સવારે ઝાકળ વર્ષા તેમજ ધુમ્મસનું આવરણ છવાતાં શાકભાજીના પાક ઉપર તેની વિપરીત અસર થવા લાગી છે. ખાસ કરીને મરચા અને ટામેટાનો પાક બળી રહ્યો હોવાથી ખેડૂતોની હાલત કફોડી બની છે. જિલ્લામાં વિપરીત હવામાનથી શાકભાજીના પાકમાં રોગચાળો વકર્યાનું ખેડૂતો જણાવી રહ્યા છે.

જિલ્લામાં પરંપરાગત ધાન્ય પાકના ભાવ પોષણક્ષમ ન મળતાં હજારો ખેડૂતોએ શાકભાજીની ખેતી અપનાવી લીધી છે. જિલ્લામાં મોટાપાયે શાકભાજીનું વાવેતર થતાં મરચા અને ટામેટાની દિલ્હી સહિતના રાજ્યોમાં ટ્રકો દ્વારા સ્થાનિક ખેડૂતો નિકાસ કરી રહ્યા છે. જિલ્લામાં શિયાળાના આરંભે ખેડૂતોએ અન્ય શાકભાજી સાથે મરચા અને ટામેટાનું વાવેતર કર્યુ છે પરંતુ વિપરીત હવામાને ઉત્પાદનને અસર પહોંચાડી છે. જિલ્લામાં વહેલી સવારે ધુમ્મસ અને ઝાકળ વર્ષા વરસતાં ટામેટામાં ખાખરીનો રોગ દેખાતાં ટામેટાના છોડનાં પાદડાં બળવા લાગ્યાં છે. જ્યારે મરચાના વાવેતરમાં કુકરાનો રોગ આવતાં મરચાના છોડનાં પાંદડાં ખરી જતાં પાક ઉત્પાદનમાં ફટકો પડી રહ્યો છે.




જિલ્લામાં વિપરીત હવામાની મરચા અને ટામેટાના પાકમાં રોગચાળો વકરતાં ખેડૂતોને પાક ઉપજમાં નુકસાન સહન કરવાની સાથે આર્થિક ફટકો વેઠવો પડે તેવી સ્થિતિ પેદા થઈ છે. ટામેટાના પાકમાં ઠંડીના કારણે ખાખરીનો રોગ આવતાં ખેડૂતોને નુક્સાન સહન કરવાનો વારો આવ્યો છે. શાકભાજી પકવતા ખેડૂતોના જણાવ્યા મુજબ મરચાનું વાવેતર કર્યા પછી ૨૦ થી ૨૫ કીલો ઉત્પાદન લીધા પછી પાક નષ્ટ થઈ રહ્યો છે. રોગચાળાના કારણે ૩ થી ૪ મહિના ઉત્પાદન મળે તેમ ખેડૂતો જણાવી રહ્યા છે.

---

### સાબરકાંઠામાં શિક્ષક, બેન્ક કર્મચારી, ખેડૂતો સહિત

# આઠ કોરોના પોઝિટિવ કે માઈક્રો કન્ટેન્ટમેન્ટ ઝોનની સંખ્યામાં વધારો

બાયડ, તા. ૯

સાબરકાંઠામાં કોરોના વિસ્ફોટ પછી શનિવારે કેસ ઘટતાં આરોગ્યતંત્રએ ક્ષણિક રાહત લીધી છે. નવા ૮ કેસ નોંધાયા છે જેમાં પ્રાંતિજ તાલુકાની વાઘપુર પ્રાથમિક શાળાના શિક્ષક, તલોદ બેન્ક ઓફ બરોડાના કર્મચારી અને ઈડર તાલુકાના સીમલા પ્રવાસે ગયેલા કેટલાક ખેડૂતો કોરોનાથી સંક્રમિત થતાં હોમ આઈસોલેશનમાં મૂકાયા છે. આ સાથે એક્ટિવ કેસનો આંકડો ૯૫ ઉપર પહોંચ્યો છે.

જિલ્લામાં કોરોનાની ત્રીજી લહેરમાં બુધવારથી શુક્વાર સુધી કોરોના વિસ્ફોટના કારણે આરોગ્યતંત્રની ચિંતા વધી હતી. શિક્ષકો, સિનિયર સિટીઝનો, શાળામાં જતા બાળકો વગેરે કોરોના સંક્રમિત થતાં અફડા-તફડી મચી હતી. જ્યારે શનિવારે માત્ર ૮ નવા પોઝિટિવ કેસ નોંધાયા છે. જિલ્લા આરોગ્ય સૂત્રોનું માનીએ તો જિલ્લામાં અત્યાર સુધી કુલ-૭૨૨૪ પોઝિટિવ કેસ નોંધાયા

**કેસ ઘટતાં રાહત...**

હતા તે પૈકી ૯૭૫ ડીસ્ચાર્જ કરવામાં આવ્યા છે. જ્યારે સતત

**હિંમતનગર તાલુકામાં સૌથી વધુ એક્ટિવ કેસ...**

સાબરકાંઠા જિલ્લામાં હિંમતનગર તાલુકો કોરોના હોટ સ્પોર્ટ તરીકે ઉભરી આવ્યો છે. જેમાં હિંમતનગર શહેરમાં ૪૩ અને ગ્રામ્ય વિસ્તારમાં ૨૨, પ્રાંતિજ શહેરમાં ૧ અને ગ્રામ્યમાં ૧, ઈડર શહેરી વિસ્તારમાં ૧ અને ગ્રામ્યમાં ૧૪, તલોદ ગ્રામ્યમાં ૨, વડાલી શહેરમાં ૪ અને ગ્રામ્યમાં ૩, ખેડબ્રહ્મા શહેર અને ગ્રામ્યમાં ૨-૨ એક્ટિવ રૂ નોંધાયા છે. આ જોતાં શહેરી વિસ્તારમાં ૫૧ અને ગ્રામ્ય વિસ્તારમાં કુલ-૪૪ પોઝિટિવ કેક્સ નોંધાયાનું આરોગ્ય સૂત્રોએ જણાવ્યું છે.

ક્સ વધતાં માઈક્રો કન્ટેન્ટમેન્ટ ઝોનમાં વધારો થઈ રહ્યો છે. ઈડર તાલુકાના ચિત્રોડા, અંકાલા, મોહનપુરના જે ખેડૂતો સીમલા પ્રવાસે ગયા હતા તે ઘરે આવ્યા પછી સંક્રમિત થયા હતા જેમને હોમ આઈસોલેશન કરાયા છે. હિંમતનગરના મહેતાપુરા વિસ્તારમાં આવેલ ગવર્નમેન્ટ ક્વાટર્સના કર્મચારી પણ કોરોના સંક્રમિત થયાનું જાણવા મળ્યું છે.

---

# પુંસરીમાં જનેતાના મૃત્યુ પછી પુત્રીઓએ સ્મશાનમાં અગ્નિદાહ આપ્યો

## પુત્રની જેમ અર્થીને કાંધ આપી રસમ નિભાવી

બાયડ, તા. ૯

તલોદ તાલુકાના પુંસરીમાં જનેતાના મૃત્યુ પછી પટેલ પરિવારની ૩ પુત્રીઓએ સ્મશાનમાં અગ્નિદાહ આપ્યાની ઘટના સામે આવી છે. સામાન્ય રીતે મુખાગ્નિ આપવાની રસમ પુત્રો દ્વારા નિભાવાતી હોય છે પરંતુ અહીં પુત્રીઓએ જનેતાની અર્થી કાંધ ઉપર ઉઠાવી સ્મશાનમાં અગ્નિદાહ આપ્યો ત્યારે અનેક લોકોની આંખો ભરાઈ આવી હતી.



છેલ્લા કેટલાક સમયથી બેટી બચાવો, બેટી વધાવો અભિયાનને સફળતા મળતાં મોટાભાગના પરિવારોને હવે દિકરીઓનું મૂલ્ય સમજાયું છે. જ્યારે સામા પક્ષે દિકરીઓ પણ એક પુત્રની જેમ પરિવારમાં આવતી તમામ ફરજો અદા કરતી હોય છે. પુંસરી ગામના કુંવરબેન મગનભાઈ પટેલનું તાજેતરમાં મૃત્યુ થયું તેમને સંતાનોમાં ૩ દિકરીઓ હતી અને દિકરીઓની પ્રબળ ઈચ્છા હતી કે અમારી જનેતા અમને ભાઈ ન હોવાથી દિકરા ગણતી હતી અને તેની અંતિમ વિધિ અમે કરીએ. પરિવારના સભ્યો અને કુટુંબીઓને વાત કરી, સૌએ તેમની વાતને વધાવી લીધી. ભાવનાબેન પટેલ, જ્યોતિબેન પટેલ એમ બંને બહેનોએ જનેતાને કાંધ આપી અને સ્મશાનગૃહ લઈ આવ્યા જ્યાં ચિતા ઉપર જનેતાના પાર્થિવ દેહને ગોઠવ્યા પછી કઠણ હૃદયે અંતિમ દર્શન બાદ પુત્રીઓએ અગ્નિદાહ આપી નવી મિશાલ પૂરી પાડી છે.

---

# પ્રાંતિજના દલપુર જોગણી માતાજી મંદિરના મહંત બ્રહ્મલીન થયા

### સંતો મહંતો સહિત વિવિધ સમાજના આગેવાનો સહિત લોકો મોટી સખ્યામા ઉપસ્થિત રસ્યા : વિધિ વિધાન મુજબ સમાધિ આપવામા આવી



પ્રાંતિજ, તા. ૯

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના દલપુર ખાતે આવેલ જોગણી માતાજીના મંદિરના મહંત ચંન્દ્રગીરી મહારાજ બ્રહ્મલીન થયા.

પ્રાંતિજ તાલુકાના દલપુર ગામે નેશનલ હાઈવે નંબર આઠ પર કાટવાડ પાસે આવેલા જોગણી માતાજી મંદિરના મહંત ચંન્દ્રમાગીરી મહારાજ બ્રહ્મલીન થતાં જોગણી માતાજીના પ્રાંગણમાં સાધુ સંતો મહંતો ગ્રામજનો તેમજ શિષ્ય સમુદાય દ્વારા તેમને વિધિવિધાન મુજબ સમાધિ આપવામાં આવી હતી. જળણેશ્વર મહાદેવ મંદિરના મહંત લક્ષ્મણભારથી મહારાજ, પાટીદાર સમાજના આગેવાનો સહિત લોકો સમાધિ વિધીમા મોટી સંખ્યામા ઉપસ્થિત રહ્યા હતા.

---

# સરકારી પ્રાથમિક શાળાના સુપર થર્ટી વિદ્યાર્થીઓ માટે એક્પર્ટ ક્લાસીસનો પ્રારંભ

જિલ્લા પંચાયત અરવલ્લીના સ્વ ભંડોળમાં શિક્ષણની છ જેટલી નવીન યોજનાઓનો સમાવેશ કરવામાં આવેલ છે જે પૈકીની એક મહત્વની યોજના ડો.સર્વપલ્લી રાધકૃષ્ણન્ સુપર થર્ટી બેચ. આ યોજના અંતર્ગત જિલ્લાના તમામ છ તાલુકામાં ધોરણ છ ના ત્રીસ વિદ્યાર્થીને અલગ અલગ સરકારી પ્રા. શાળામાંથી પસંદ કરવામાં આવશે. જે અંતર્ગત પ્રથમ બેચની શરૂઆત તારીખ ૦૮/૦૧/૨૨ ના રોજ મોડાસા ખાતે કરવામાં આવી. આ યોજના અંતર્ગત પસંદ કરાયેલ વિદ્યાર્થીઓને ત્તઈઈ, "છજી," જી અને બીજી મહત્વની સ્પર્ધાત્મક પરીક્ષા માટે દર શનિવારે અને રવિવારે ત્રણ ત્રણ કલાક, એક્સપર્ટ શિક્ષકો દ્વારા ટ્રેનિંગ આપવામાં આવશે. આ યોજના દીર્ઘ કાલીન ધ્યેય ને નક્કી કરીને શરૂ કરવામાં આવેલ છે.

જિલ્લા પ્રાશિક્ષણાધિકારી સ્મિતાબેન પટેલે આ યોજનાના લોન્ચિંગ પ્રસંગે જિલ્લા વિકાસ અધિકારી,જિલ્લા પંચાયત પ્રમુખ અને શિક્ષણ સમિતિના ચેરમેનનો આભાર માન્યો હતો. વધુમાં તમામ ત્રીસ બાળકોને ટી-શર્ટ ભેટ આપનાર વિનોદભાઈ પટેલ નો પણ આભાર માન્યો હતો.